જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૫/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-                    સમાચાર યાદી નં.૧૦૧૫/૧૮

## આનંદનગર જોધપુર ગોકુલ આવાસ યોજનામાં સને ૨૦૧૪ માં થયેલ ખુન ના ગુન્હાનો પાંચ મહિનાથી પેરોલ જમ્પ થયેલ આરોપી વિપુલ ઉર્ફે ટીનો રબારીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા સાહેબના સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ નાઓ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમળેલ બાતમી હકિકત આધારે વિપુલ ઉર્ફે ટીનો S/O ભગવાનભાઇ રબારી ઉવ.૨૫ રહે. મ.નં. યોગેશ્વરનગર, વિભાગ-૨, ગુપ્તાનગર, વાસણા, અમદાવાદ શહેર નાને તા.૨૯/૦૫/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતે સને-૨૦૧૪ માં જોધપુર ગામ ગોકુલ આવાસ યોજના ખાતે ભરતસિંહ પરમાર ના ખુન કેસમા આનંદનગર પોલીસ સ્ટેશનમાં પકડાયેલ અને તે કેસમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી નં૧૯૩૮ થી જેલમાં હતો અને પાંચેક મહિના પહેલા પોતાની માતાની સારવાર માટે એક અઠવાડીયાની પેરોલ રજા લીધેલ બાદ બીજા એક અઠવાડીયાની રજા લંબાવેલ પરંતુ પોતાના માતાની તબિયત સારી ન થતા પોતે હાજર થયેલ નહીં અને પાંચેક મહિનાથી પેરોલ જમ્પ હોવાનું જણાવેલ જેથી સદરી આરોપીને ડીટેઇન કરી સાબરમતી સેન્ટ્રલ જેલમાં સોંપવાની તજવીજ કરવામાં આવેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"સરદારનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી "સરદારનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.